અપીલ અરજી નં.૪૨૧ તા.૨૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી લાલજી વી. મિશ્રા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી લાલજી વી. મિશ્રા ની તા.૨૩–૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) લિંબાયત સાઉથ ઝોનને લગતી મારો એચ.એન.નંબર કયો આવેલ છે તે જણાવશો. મુદ્દા નં.(૨) ઝોનમાં કોયલાખાડી ડિમોલીશન અગાઉ જે આપના તરફથી જે સર્વે દરમ્યાન એચ.એન. નંબર લખવામાં આવેલ અને બાયોમેટ્રીક પણ કરવામાં આવેલ છે અને તે આપના રજીસ્ટરમાં તેની નોંધ થયેલ છે કે કેમ? તે માહિતીઆપશો. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૧/૨૦૧૦–૧૧

શ્રી લાલજી વી. મિશ્રા ની તા.૨૩–૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) લિંબાયત સાઉથ ઝોનને લગતી મારો એચ.એન.નંબર કયો આવેલ છે તે જણાવશો. મુદ્દા નં.(૨) ઝોનમાં કોયલાખાડી ડિમોલીશન અગાઉ જે આપના તરફથી જે સર્વે દરમ્યાન એચ.એન. નંબર લખવામાં આવેલ અને બાયોમેટ્રીક પણ કરવામાં આવેલ છે અને તે આપના રજીસ્ટરમાં તેની નોંધ થયેલ છે કે કેમ? તે માહિતી આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬ તા.૨–૪–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં અરજી તેઓની જાણ હેઠળ કોઈતબદીલ થયેલ હોય તો તેની વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૦૭ તા.૨૦–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૬૫ તા.૭–૪–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૧–૪–૧૧ નો રજૂઆત પત્ર, લાઈટ બીલ તેમજ વેરાબીલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૩–૨–૧૧ ની અરજીથી લીંબાયતઝોનમાં કોયલા ખાડી ડીમોલીશન અંગે અરજદારે તેની ઝુંપડપટ્ટીની એચ એન નંબર અને ફાળવણી બાબતેની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં માહિતી ન મળતાં નારાજ થઈ તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૬૫ તા.૭–૪–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે તા.૨૧–૪–૧૧ ના પત્રથી પૂરક રજૂઆત કરેલ છે. જેમાં મુદ્દા નં. (૧) લિંબાયત સાઉથ ઝોનને લગતી મારો એચ.એન.નંબર કયો આવેલ છે તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોનના બાયોમેટ્રીક ઉપલબ્ધ રેકર્ડ મુજબ લાલજી વી. મિશ્રાનું બાયોમેટ્રીક એનરોલમેન્ટ થયેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે પૂરક વિગતોમાં એચ એન નંબર આપવામાં આવ્યો હતો અને તે કેમ ફેરફાર થયો છે તેનું કારણ શું તેવો પ્રશ્ન મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે તકરાર નિવારણને લગતો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.(૨) ઝોનમાં કોયલાખાડી ડિમોલીશન અગાઉ જે આપના તરફથી જે સર્વે દરમ્યાન એચ.એન. નંબર લખવામાં આવેલ અને બાયોમેટ્રીક પણ કરવામાં આવેલ છે અને તે આપના રજીસ્ટરમાં તેની નોંધ થયેલ છે કે કેમ? તે માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોન તરફથી કોઈ બાયોમેટ્રીક સર્વે કરી એચઆઈએન નંબર આપવામાં આવેલ નથી. વધુમાં સદર કામગીરી સ્લમ અપગ્રડેશન સેલ સુમપા તરફથી કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે લીંબાયતઝોન ધ્વારા સર્વે સમયે દરેક ઝુંપડાવાસીઓને એચ એન નંબર મારો ૧૦૧ આપવામાં આવેલ હતો અને સાથે ફોર્મ ભરીને મારો ફોટો તથા મારા જરૂરી પુરાવા (૧) જુનું વેરાબીલ (૨) લાઈટ બીલ (૩) રેશનીંગ કાર્ડ વિગેરે આ સંગીન પુરાવા હતા તેમના તરફથી જાણવા મળેલ છે કે તમારું જે વેરાબીલ બીજાના નામવાળી છે તે ખોટું અને ખોટું વેરાબીલ આપની કચેરીમાં જો મારા ફોર્મ સાથે જોડવામાં આવેલ હોય તો તેને કાઢી નાંખવા માટે પણ વિનંતી કરવામાં આવી હતી તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. (૩) લીંબાયતઝોન ધ્વારા સને ૨૦૦૫ થી સર્વે કરતા આવેલા છે અને તે સર્વે દરમ્યાન કોઈ ફેરફાર કરવામાં આવેલ છે કે કેમ? અને જયારે સર્વે થયેલા તે દરમ્યાન શ્રી લાલજી વી. મિશ્રાના નામે સ્થળ પર આપને ફોર્મ કરવાવાળા આવેલની સાથે ફોટો કોપી પણ તમો લઈ ગયા છે આ હકીકત સાચી કે ખોટી તે માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોન તરફથી કોઈ બાયોમેટ્રીક સર્વે કરી એચઆઈએન નંબર આપવામાં આવેલ નથી. વધુમાં સદર કામગીરી સ્લમ અપગ્રડેશન સેલ સુમપા તરફથી કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે લીંબાયતઝોન તરફથી જે સને ૨૦૦૫ થી સર્વે કરેલ છે અને હું સન ૧૯૯૯ થી મારું વેરાબીલ , લાઈટબીલ પણ આવે છે અને મારા નામે રેશનીંગ કાર્ડ પણ છે. આટલા પુરાવા હોવા છતાં મને આવાસ ફાળવણી કરવા માટે શા માટે વિલંબ કરવામાં આવે છે મને મારું આવાસ મેળવવા માટે કાયદેસરનો હક છે તો તે અંગે અનેકવાર વિનંતી પણ આપ સાહેબશ્રીને કરવામાં આવેલ છે તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. (૪) હમો અરજદાર શ્રી લાલજી વી. મિશ્રાએ આવાસ મેળવવા માટે તમામ આપના નિતી નિયમાનુસાર જરૂરી પુરાવા મે. અરજી સાથે સામેલ કરવામાં આવેલા છે તે હકીકત સાચી કે ખોટી છે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મે–૨૦૧૦

માં આવાસ ફાળવણી અન્વયેના ફોર્મ મેળવવામાં આવેલ જે પૈકી લાલજી વી. મિશ્રાનું પણ ફોર્મ મેળવવામાં આવેલ છે. ફોર્મ સાથે લાલજી વી. મિશ્રાના નામનું ૨૦૧૦ એપ્રિલનું લાઈટબીલ રજૂ કરેલ છે. તેમજ વેરાબીલની પેનલ્ટી નોટીસ અન્ય વ્યકિતના નામની રજૂ કરેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે આવાસ મેળવવા માટે શ્રી લાલજી વી. મિશ્રા જે સુરત મહાનગરપાલિકા ધ્વારા ને સ્થાયી. સમિતિ તથા સામાન્ય સભામાં થયેલા ઠરાવો અને ઘડેલી નિતી નિયમોનુસાર હું હકદાર છું જેના તમામ પુરાવા સાઉથ ઈસ્ટઝોન લીંબાયત ઝોન કચેરીમાં પણ આપેલા છે તે જાણશો તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. (૫) તેમના આવાસ ફાળવણીના નિતી નિયમાનુસાર હું આવાસ મેળવવા માટે આપના ઝોનને અરજી આપવામાં આવી છે અને મને આવાસ ફાળવણી કરવા માટે કયા કારણે મને બાકાત રાખવામાં આવેલા છે તે અંગે આપના તરફથી સ્પષ્ટ ખુલાસાવાર મને સંપૂર્ણ માહિતી અધિકારી નિયમાનુસાર આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લાલજી વી. મિશ્રાનું બાયોમેટ્રીક એનરોલમેન્ટ થયેલ ન હોઈ નકકી કરેલ નીતિ નિયમોનુસાર આવાસ ફાળવણી કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં શ્રી લાલજી વી. મિશ્રાને આવાસ ફાળવણીના કયા કારણે ફાળવણી માટે વિલંબ કરવામાં આવે છે તેનો જવાબ લીંબાયત તરફથી ન મળતાં હું નારાજ હતો અન અપીલ કરવામાં આવી હતી તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. (૬) આપના સાઉથ લીંબાયતઝોનમાં મને જાણવા માહિતી મુજબ કે શ્રી લાલજી વી. મિશ્રાને વરાછા ઈસ્ટઝોન ખાતે આવાસ ફાળવણી થઈ ગયેલ છે તેવું મને જાણવા મળેલ છે આ અંગે આપ સાહેબ વરાછા આપી હોય તેવો પુરાવા અંગે કે મને આવાસ ફાળવણી કયા વિસ્તારમાં થઈ છે અને તેનો બ્લોક નંબર,રૂમ નંબર સાથે મને આ અંગે આપના તરફથી લેખિતમાં વિગતવાર આપવી અને આ અંગે તપાસ થવા જરૂરી માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોન ધ્વારા લાલજી વી. મિશ્રા અંગે કોઈ માહિતી લીંબાયતઝોનમાં મળેલ નથી તેવું જણાવેલ છે. લીંબાયત ઝોન ધ્વારા કહેવામાં આવેલ છે કે વરાછાઝોનમાં પુત્રને આવાસ ફાળવણી થઈ છે તે કહેવું છે આ અંગે મારા પુત્રને જે વરાછા ઈસ્ટ ઝોનમાં ફાળવણી થઈ છે તે અંગે પણ પુરાવા રજૂ કરવામાં આવેલ છે અને જો પિતા –પુત્ર અલગ રહેતા હોય આમ કુટુંબ મોટુ હોય અને તેમની પાસે સચોટ પુરાવાઓ અલગ રહેઠાણ ના હોય તો તમો આવાસ ફાળવણી અટકાવી ન શકો તેવા નિયમ છે તે અંગે પુરાવા આપશ્રીની સમક્ષ રજૂ કરુ છું તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. (૭) સાઉથ લીંબાયતઝોનના અધિકારીઓ તથા સ્ટાફ કર્મચારીને જો મારી વિરુધ્ધમાં તમોને કોઈ ગેરમાર્ગે દોરવાનું કામ કરવામાં આવેલ છે અને મારા વિરુધ્ધમાં જો અરજીઓ કયા નામે આવેલી છે તેની ખરાઈ અને સ્પષ્ટતા તપાસ થવી જરૂરી છે. અને આ અંગે તમોને સાઉથ લીંબાયતઝોનને બદનામ કરવાનું બદઈરાદાથી આ કામ થયુ છે અને જે મારા વિરુધ્ધમાં જે તમારી પાસે આવતા હોય તેને પાસે તે બોલાવીને મને ઈસ્ટઝોન ખાતે આવાસ ફાળવણી થઈ થયેલ અંગે મારા વિરોધી પાસે તમો પુરાવા માંગે કોઈને અરજી કરવાથી અને આવાસ મેળવનાર તથા સ્ટાફ કર્મચારીને હેરાન કરવાનું કામ કર્યુ છે તેથી આપ સાહેબે જે આ મારી તમામ હકીકત ધ્યાનમાં લઈને મને આપના તરફથી માનવતાને ધોરણે ન્યાય અપાવશો તેવી આશા રાખુ છુ કે મને વિશ્વાસ છે કે મને જરૂર ન્યાય મળશે તેવી આશા રાખુ છું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વૈકલ્પિક વ્યવસ્થા પેટે નકકી કરેલ ગાઈડ લાઈનમાં નીતિ નિયમોનુસાર આવાસની ફાળવણી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે લીંબાયતઝોના સ્ટાફ કર્મચારીને જે મારા વિષયે જે ગેરસમજ અને ગેરમાર્ગે દોરવાનું જે કામ કર્યુ છે તેમાં લીંબાયતઝોનના અધિકારી તથા સ્ટાફ કર્મચારી તથા હું પોતે શ્રી લાલજી વી. મિશ્રા પરેશાનીમાં છું અને આજે હું સીનીયર સીટીઝન હોવાથી બેઘર થયેલ છું અને આજે બીજાના ઘરમાં સામગ્રી લઈને રહું છું. તેથી આ અપીલ અધિકારી સાહેબને મારી નમ્ર વિનંતી કરું છું કે આ અંગે અમોને તાત્કાલીક ન્યાયના હિતમાં આવાસ ફાળવણી કરી આપવા મહેરબાની કરશોજી. અને આપની સમક્ષ ન્યાય મેળવવા માટે મને સંપૂર્ણ વિશ્વાસ અને શ્રધ્ધા છે અને મને જરૂરથી ન્યાય મળશે જ તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે અરજદાર મુદ્દા નં.૧ ના મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે તેમજ અરજદારની અન્ય મુદ્દાઓની રજૂઆત અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અપીલની પૂરક વિગતનો મુદ્દા નં.૧ તકરાર નિવારણને લગતો પ્રશ્ન હોઈ તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)........જાણ તથા અમલ માટે .
(૨) શ્રી લાલજી વી. મિશ્રા,